**CC.NO.1572-2024**

| | |
|---|---|
| રજુ તારીખ | ૨૨/૧૧/૨૦૨૪ |
| દાખલ તારીખ | ૨૨/૧૧/૨૦૨૪ |
| ફેસલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ માસ વર્ષ |

**આંક –**

**:: નમુનો – અ ::**

| **<u>નખત્રાણાના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત સમક્ષ, મું.નખત્રાણા.</u>** | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૨૩/૦૩/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૧૫૭૨–૨૦૨૪ |
| **પોલીસસ્ટેશન/ એફ.આઇ.આર.નં** | : | પશ્ચિમ કચ્છ નખત્રાણા પોલીસ સ્ટેશન પાર્ટ–બી ગુ.ર.નં.૧૨૨૧/૨૦૨૨ |
| **ગુનો** | : | જુગારધારા કલમ:૧૨ મુજબ |
| **ફરીયાદી** | : | સરકાર શ્રી, ફરીયાદી : (શ્રી સ.ત. ધનજીભાઇ રામાભાઇ આયર પો.હેડ.કોન્સ.) |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | એન.જે.પુજારા |
| **આરોપીઓ** | : – | **(૧) કમલેશ રાજેન્દ્ર જોષી,** ઉ.વ.૩૭, ધંધો:મજુરી રહે.નાના નખત્રાણા, તા.નખત્રાણા–કચ્છ**(કબુલ)**.**(૨)મહેન્દ્ર કાયા બુચીયા,** ઉ.વ.૩૦, ધંધો: મજુરી રહે.વિથોણ, તા.નખત્રાણા–કચ્છ.**(૩)મેહુલનાથ દયાનાથ ગોસ્વામી,** ઉ.વ.૩૧, ધંધો:મજુરી રહે. મોટા અંગીયા,તા.નખત્રાણા–કચ્છ**(કબુલ)(૪)નાનજી કાયા બુચીયા,**ઉ.વ.૨૫ ધંધો:મજુરી રહે.વિથોણ, તા.નખત્રાણા–કચ્છ.**(૫) અદ્રેમાન હુસેન નોડે,** ઉ.વ.૨૬,ધંધો:મજુરી,રહે.વિથોણ,તા.નખત્રાણા |

| | | |
|---|---|---|
| | | –કચ્છ.**(કબુલ)(૬)ઈસ્માઈલ અધ્રેમાન કુંભાર,** ઉ.વ.૩૫, ધંધો:મજુરી રહે.વિથોણ તા.નખત્રાણા. (કબુલ).**(૭) અલ્પેશ વિનોદ વાણંદ** ઉ.વ. ૨૭,ધંધો:મજુરી,રહે.વિથોણ,તા.નખત્રાણા–કચ્છ **(કબુલ).(૮)ધનગર દામગર ગોસ્વામી,** ઉ.વ.૩૩,ધંધો:મજુરી,રહે.વિથોણ,તા.નખત્રાણા –કચ્છ**(કબુલ).(૯)પેથુભા હરભમજી જાડેજા,** ઉ.વ.૩૭,ધંધો:મજુરી,રહે.વિથોણ,તા.નખત્રાણા –કચ્છ **(કબુલ).(૧૦)રતિલાલ ઉર્ફે રતો કાનજી પાચણ** ઉ.વ.૩૯, ધંધો. મજુરી, રહે.વિથોણ તા.નખત્રાણા–કચ્છ **(કબુલ). (૧૧) ગુલાબ અબ્દુલ્લા નોડે** ઉ.વ.૨૪, ધંધો. મજુરી, રહે.વિથોણ તા.નખત્રાણા–કચ્છ **(કબુલ).** |
| **આરોપી તરફે વિ.વકીલ.શ્રી** | **:–** | વિ.વકીલ શ્રી આર.જી.જયપાલ. |

**:: નમુનો – બ ::**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | **૧૧/૧૨/૨૦૨૨** |
| ફરિયાદની તારીખ | **૧૧/૧૨/૨૦૨૨** |
| ચાર્જશીટની તારીખ | **૨૨/૧૧/૨૦૨૪** |
| ચાર્જફ્રેમ/પ્લીની તારીખ | **૦૬/૦૨/૨૦૨૫** |
| પુરાવો શરૂ થયાની તારીખ | **૨૩/૦૯/૨૦૨૫** |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | **૧૭/૦૩/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૨૩/૦૩/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | |

**CC.NO.1572-2024**

## -:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુન્હા ની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાન ી વિગત ો | ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાના દિવસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **કમલેશ રાજેન્દ્ર જોષી** | ૧૧/૧૨/૨૦૨૨ | ૧૨/૧૨/૨૦૨૨ | જુગાર ધારા કલમ : ૧૨ મુજબ | **(કબુલ)** | - | - |
| ૨ | **મહેન્દ્ર કાચા બુચીયા** | ૧૧/૧૨/૨૦૨૨ | ૧૨/૧૨/૨૦૨૨ | ઉપર મુજબ | **(નિર્દોષ)** | - | - |
| ૩ | **મેહુલનાથ દયાનાથ ગોસ્વામી** | ૧૧/૧૨/૨૦૨૨ | ૧૨/૧૨/૨૦૨૨ | ઉપર મુજબ | **(કબુલ)** | - | - |
| ૪ | **નાનજી કાચા બુચીયા** | ૧૧/૧૨/૨૦૨૨ | ૧૨/૧૨/૨૦૨૨ | | **(નિર્દોષ)** | | |
| ૫ | **અદ્રેમાન હુસેન નોડે** | ૧૧/૧૨/૨૦૨૨ | ૧૨/૧૨/૨૦૨૨ | | **(કબુલ)** | | |
| ૬ | **ઈસ્માઈલ અદ્રેમાન કુંભાર** | ૧૧/૧૨/૨૦૨૨ | ૧૨/૧૨/૨૦૨૨ | | **(કબુલ)** | | |
| ૭ | **અલ્પેશ** | ૧૧/ | ૧૨/૧૨ | | **(કબુલ)** | | |

**CC.NO.1572-2024**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વિનોદ વાણંદ | ૧૨/ ૨૦૨૨ | /૨૦૨૨ | | | | |
| ૮ | ધનગર દામગર ગોસ્વામી | ૧૧/ ૧૨/ ૨૦૨૨ | ૧૨/૧૨ /૨૦૨૨ | | (કબુલ) | | |
| ૯ | પેથુભા હરભમજી જાડેજા | ૧૧/ ૧૨/ ૨૦૨૨ | ૧૨/૧૨ /૨૦૨૨ | | (કબુલ) | | |
| ૧૦ | રતિલાલ ઉર્ફે રતો કાનજી પાયણ | ૧૪/ ૧૨/ ૨૦૨૨ | ૧૫/૧૨ /૨૦૨૨ | | (કબુલ) | | |
| ૧૧ | ગુલાબ અબ્દુલ્લા નોડે | ૧૪/ ૧૨/ ૨૦૨૨ | ૧૫/૧૨ /૨૦૨૨ | | (કબુલ) | | |

**<u>(નમૂનો–ક)</u>**

**ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ**

**<u>(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદો :</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| **૧** | ૨૯ | સદામ મામદ રાયમા | પંચ–સાહેદ |
| **૨** | ૩૧ | આશાભાઈ અભુ રબારી | પંચ–સાહેદ |
| **૩** | ૩૭ | ધનજીભાઈ રામાભાઈ આયર | ફરીયાદી |
| **૪** | ૩૯ | મુકેશકુમાર નવીનચંદ્ર સાધુ | ત.ક.અ. |

**ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે અંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :–**

**(એ) ફરિયાદપક્ષે અંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૩૦ | પંચનામુ |
| ૨ | ૩૮ | ફરીયાદ |

**–:: ચૂ કા દો ::–**

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૧૧/૧૨/૨૦૨૨ ના કલાક ૧૬:૪૫ થી ૧૭:૩૦ દરમિયાન આ કામના આરોપીઓએ ગેરકાયદેસર રીતે ધાણીપાસા વડે પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી રોકડા રૂ.૧૧,૫૦૦/– તથા મોબાઇલ નંગ–૦૫ કિંમત રૂ.૨૫,૦૦૦/– તથા મો.સા. નંગ–૭ કિંમત રૂ.૧,૩૦,૦૦૦/– તથા ધાણીપાસા નંગ–૦૨ કિંમત રૂ.૦૦/૦૦ એમ કુલ મુદામાલ કીંમત રૂ. ૧,૬૬,૫૦૦/– સાથે નવ ઈસમો પકડાઇ જઇ તથા બે આરોપીઓ નાસી જઇ ગુનો કરી, તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ કરી,લાગતા વળગતા સાહેદોના નિવેદન લઇ તપાસના અંતે આરોપી વિરુધ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨)** સદરહુ કેસ ક્રિમીનલ કેસ રજીસ્ટરે લઇ આરોપીઓને પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી વિ.વ.વકીલશ્રી મારફતે કોર્ટમાં હારજર થયેલા અને આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે ચાર્જશીટ, પંચનામા,ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૧૬૧ અન્વયે નોંધેલ નિવેદનો, તેમજ અન્ય કાગળો જેના ઉપર પ્રોસીકયુશન આધાર રાખતા હતા તેની તમામ નકલો આરોપીઓને પુરી પાડવામાં આવેલ અને તે મળી ગયાની ખાતરી કરેલ. આરોપીઓ નં. ૧,૩,૫,૬,૭,૮,૯,૧૦,૧૧નાએ ગુન્હાની કબુલાત કરી લીધેલ છે.જેથી સદર આરોપી નં.૨,૪ પુરતી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યાર બાદ આંક–૨૭ ની આંક–૨૮ થી પ્લી રેકોર્ડ કરતા તેમણે ગુન્હો કર્યા અંગે ઈન્કાર કરેલ. જેથી સદરહુ કેસ ઈન્સાફી

કાર્યવાહી સારું આગળ ચલાવાવમાં આવેલ.

(૩) ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો –ઉપર નમુના 'ક'માં જણાવ્યા છે તેથી પુન:ઉકિત કરેલી નથી.

(૪) ઉપરોકત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજૂ કરેલ નથી અને આ કામે ફરિયાદપક્ષે પોતાનો પુરાવો પૂરો થયાનું પુરશીશથી જાહેર કરેલ છે. ત્યાર બાદ આરોપી સામે પડેલ પુરાવા પરથી આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. વિશેષમાં તેઓ જણાવે છે કે, તેઓ નિર્દોષ છે. ત્યાર બાદ આ કામે સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૫) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ**:(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા.૧૧/૧૨/૨૦૨૨ ના કલાક ૧૬:૪૫ થી ૧૭:૩૦ દરમિયાન આ કામના આરોપીઓએ ગેરકાયદેસર રીતે ધાણીપાસા વડે પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી રોકડા રૂા.૧૧,૫૦૦/– તથા મોબાઇલ નંગ–૦૫ કિંમત રૂા.૨૫,૦૦૦/– તથા મો.સા. નંગ–૭ કિંમત રૂા.૧,૩૦,૦૦૦/– તથા ધાણીપાસા નંગ–૦૨ કિંમત રૂા.૦૦/૦૦ એમ કુલ્લ મુદામાલ કીંમત રૂા. ૧,૬૬,૫૦૦/– સાથે નવ ઈસમો પકડાઇ જઇ તથા બે આરોપીઓ નાસી જઇ ગુનો કરી, આરોપી વિરુધ્ધ જુગારધારા કલમ ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧) નકારમાં.**

**મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.**

(૭) ઉપરોકત મુદાઓના આપેલ નિર્ણય માટેના ન્યાયિક કારણો નીચેમુજબના છે.

**<u>-:: નિર્ણય માટેના કારણો ::-</u>**

**<u>મુદા નં.(૧)</u> :**

(૮) ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે આંક :૨૯થી પંચ સાહેદ સદામ મામદ રાયમાને તથા આંક-૩૧ થી પંચ સાહેદ આશાભાઇ અભુભાઇ રબારીને તપાસેલ છે.તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે આશરે ત્રણેક માસ પહેલા બોલાવેલ અને એક તૈયાર કાગળમાં તેઓની સહી લીધેલી અને તેઓને પંચનમાની નકલ બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે.જે તેઓ ઓળખી બતાવે છે. જે પંચનામુ આંક-૩૦ થી રજુ છે. આ સીવાય તેઓ કાંઇ જાણતા નથી .

(૯) ફરીયાદપક્ષે આંક-૩૭ થી ફરીયાદી ધનજીભાઇ રામાભાઇ આયરને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા. ૧૧/૧૨/૨૦૨૨ ના રોજ તેઓ નખત્રાણા મધ્યે હે.કો તરીકે ફરજ બજાવતા હતા અને સાથી કર્મચારીઓ સાથે પ્રા.વાહનથી નખત્રાણા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ફરતા ફરતા વિથોણ ગામનાં બસ સ્ટેશન પાસે આવતા તેઓને બાતમી હકિકત મળેલ કેં વિથોણ ગામની પુર્વ બાજુ આવેલ જુના ગટરના ટાંકા પાસે અમુક ઈશમો ધાણી પાસા વડે હારજીતનો જુગાર રમે છે તેવી હકીકત મળતા તે અંગે સાથે ના મુકેશભાઈ સાધુને જાણ કરેલી તેમણે તરત જ બે પંચોને બોલાવી હકિકતની સમજ કરી પંચો તથા

પોલીસની અરસ પરસ અંગઝડતી કરતા જુગારને લગતુ કોઈ સાહિત્ય મળી આવેલ નહી અને પંચો સાથે બાતમી વાળી જગ્યાએ જઈ પ્રા.વાહન ઉભું રાખી પગે ચાલી જોતા અમુક ઈશમો ટાંકા પાસે ધાણીપાસા વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા જોવામાં આવેલ જેથી તેઓને કોર્ડન કરી નજીક જતા પોલીસના માણસોને જોઈ નાશવા લાગેલ જેથી તેઓ સ્ટાફના માણસોએ તેમનો પીછો કરીને પકડી લીધેલ અને જગ્યા પર જુગાર રમતા હતા તે જગ્યા પર બેસાડી તેમનું વારાફરતી નામઠામ પુછતા અને તેમની પાસેથી નીચે મુજ રકમ મુદ્દામાલ મળી આવેલ (૧) કમલેશ રાજેન્દ્ર જોષી રહે.નાના નખત્રાણા તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૨૦૦/– મળી આવેલ. (૨) મહેનદ્ર કાયા બુચીયા રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૦૫૦/– મળી આવેલ. (૩) મેહુલનાથ દયાનાથ ગૌસ્વામી રહે.મોટા અંગીયા તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૮,૦૦/– તથા ડિસ્કવર મો.સા જી.જે ૧૨ એ.આર ૧૯૨૨ જેની કિં.રૂા.૧૦,૦૦૦/–મળી આવેલ.(૪) નાનજી કાયા બુચીયા રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૦૪૦/– તથા ટેકનો મોબાઈલ જેની કિં.રૂ.૫,૦૦૦/– તથા હિરો હોન્ડા મો.સા જી.જે ૧૨ એ.જી ૭૭૩૮ કિં.રૂ.૧૦,૦૦૦/– મળી આવેલ. (૫) અદ્રેમાન હુસેન નોડે રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૦૦૦/– તથા આઈટેક મોબાઇલ કિં.રૂ.૫,૦૦૦/– મળી આવેલ. (૬) ઇસ્માઇલ અદ્રેમાન કુંભાર રહે. વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૩૦૦/– મળી આવેલ.(૭) અલ્પેશ વિનોદ વાળંદ રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૫૦૦/ –તથા ઓપ્પો મોબાઇલ કિં.રૂ.૫,૦૦૦/– તથા એકટીવા જેના નંબર જી.જે.૧૨.સી.એચ ૪૬૮૯ કિં.રૂા.૨૦,૦૦૦/–મળી આવેલ.(૮) ધનગર રામગર ગૌસ્વામી રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૨,૧૦૦/– તથા ઓપ્પો મોબાઇલ કિં.રૂા.૫,૦૦૦/– તથા એક્ટીવા મો.સા.કિંમત રૂા.૩૦,૦૦૦/–મળી આવેલ. (૯) પેથુભા હરભમજી જાડેજા રહે. વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૧૫૦/– તથા રેડમી

મોબાઈલ કિં.રૂા.૫,૦૦૦/– તથા મો.સા નંબર જી.જે.૧૨ડી.પી.૯૯૭૭ કિં.રૂા.૨૦,૦૦૦/– મળી આવેલ તેમજ સદર ઈશમો જે જગ્યાએ જુગાર રમતા હતા તે જગ્યાએ ધાણી પાસા તેમજ વેરણ– છેરણ હાલતમાં થોડા રુપીયા પડેલ હતા અને તે રુપિયા ગણી જોતા કુલ્લે રકમ રૂ.૩૬૦/–પુરા મળી આવેલ તથા ધાણી પાસા નંગ–૨ કિં.રૂા.૦૦/– તથા તે જગ્યા ઉપરથી બે મો.સા જેના નંબર જી.જે.૧૨.બી.ડી ૬૯૮૭ વાળી જે પુછપરછ કરતા નાશી ગયેલ ઈશમ ગુલમામદ અભલા નોડેની હોવાનું જણાઈ આવેલ જેની કિં.રૂ.૨૦,૦૦૦/– તથા બીજી મો.સા નંબર જી.જે ૧૨ એ.એસ ૯૩૮૬ જે તપાસ કરતા રતો કારા પાયણની હોવાનું માલુમ પડેલ જેની કિં.રૂા.૨૦,૦૦૦/– એમ કુલ્લે રકમ રૂપિયા. ૧૧,૫૦૦/– તેમજ મોબાઈલ નંગ–૦૫ જેની કિ.રૂા.૨૫,૦૦૦/– તથા મો.સા નંગ ૦૭ જેની કિં.રૂા. ૧,૩૦,૦૦૦/–એમ મળીને કુલ્લે કિં.રૂ.૧,૬૬,૫૦૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ તે અંગેનું વિગતવારનું પંચનામુ પંચો રુબરુ એ.એસ.આઈ મુકેશભાઈ એન સાધુએ કલાક ૧૬:૪૫ થી ૧૭:૩૦ સુધીનુ કરી લીધેલ. જે અંગે તેઓએ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલી. જે ફરિયાદ આંક– ૩૮ થી રજુ છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓ કબુલ કરે છે કે, તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામાં લખેલા નથી. પંચોને બોલાવ્યા અંગેનું પ્રાથમિક પંચનામુ કરેલ નથી. કહેવાતો બનાવ જાહેર જગ્યાએ બનેલ છે. ત્યાં માણસોની અવર–જવર રહે છે અને આજુબાજુમાં વાડી વિસ્તાર છે.

**(૧૦)** ફરીયાદપક્ષે આંક–૩૯ થી ત.ક.અ. મુકેશકુમાર નવીનચંદ્ર સાધુને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા. ૧૧/૧૨/૨૦૨૨ ના રોજ તેઓ નખત્રાણા મધ્યે એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા અને સાથી કર્મચારીઓ સાથે પ્રા.વાહનથી નખત્રાણા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ફરતા ફરતા વિથોણ ગામનાં બસ સ્ટેશન પાસે આવતા ધનજીભાઈને બાતમી હકિકત

મળેલ કે વિથોણ ગામની પુર્વ બાજુ આવેલ જુના ગટરના ટાંકા પાસે અમુક ઇશમો ધાણી પાસા વડે હારજીતનો જુગાર રમે છે તેવો હકીકત મળતા તે અંગે તેઓને જાણ કરેલી તઓએ તરત જ બે પંચોને બોલાવી હકિકતની સમજ કરી પંચો તથા પોલીસની અરસ પરસ અંગઝડતી કરતા જુગારને લગતુ કોઇ સાહિત્ય મળી આવેલ નહી અને પંચો સાથે બાતમી વાળી જગ્યાએ જઇ પ્રા.વાહન ઉભું રાખી પગે ચાલી જોતા અમુક ઇશમો ટાંકા પાસે ધાણીપાસા વડે રૂપિયાની હારજીતનો જુગાર રમતા જોવામાં આવેલ જેથી તેઓને કોર્ડન કરી નજીક જતા પોલીસના માણસોને જોઇ નાશવા લાગેલ જેથી તેઓ સ્ટાફના માણસોએ તેમનો પીછો કરીને પકડી લીધેલ અને જગ્યા પર જુગાર રમતા હતા તે જગ્યા પર બેસાડી તેમનું વારાફરતી નામઠામ પુછતા અને તેમની પાસેથી નીચે મુજબની મુદ્દામાલ મળી આવેલ (૧) કમલેશ રાજેન્દ્ર જોષી રહે.નાના નખત્રાણા તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૨૦૦/– મળી આવેલ. (૨) મહેન્દ્ર કાયા બુચીયા રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૦૫૦/– મળી આવેલ. (૩) મેહુલનાથ દયાનાથ ગૌસ્વામી રહે, મોટા અંગીયા તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૮,૦૦/– તથા ડિસ્કવર મો.સા જી.જે.૧૨.એ.આર.૧૯૨૨ જેની કિં.રૂા.૧૦,૦૦૦/–મળી આવેલ. (૪) નાનજી કાયા બુચીયા રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૦૪૦/– તથા ટેકનો મોબાઈલ જેની કિ.રૂા.૫,૦૦૦/– તથા હિરો હોન્ડા મો.સા જી.જે.૧૨.એ.જી.૭૭૩૮ કિ.રૂા.૧૦,૦૦૦/– મળી આવેલ.(૫) અદ્વેમાન હુસેન નોડે રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૦૦૦/– તથા આઇટેક મોબાઇલ કિં.રૂ.૫,૦૦૦/– મળી આવેલા (૬) ઇસ્માઇલ અદ્રેમાન કુંભાર રહે વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૩૦૦/– મળી આવેલ.(૭) અલ્પેશ વિનોદ વાળંદ રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૫૦૦/–તથા ઓપ્પો મોબાઇલ કિ.રૂા.૫,૦૦૦/– તથા એકટીવા જેના નંબર જી.જે.૧૨.સી.એચ.૪૬૮૯ કિં.રૂા.૨૦,૦૦૦/–મળી આવેલ.(૮) ધનગર રામગર ગૌસ્વામી રહે.

વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૨,૧૦૦/– તથા ઓપ્પો મોબાઈલ કિં.રૂા.૫,૦૦૦/– તથા એકટીવા કિં.રૂા.૩૦,૦૦૦/–મળી આવેલ.(૯) પેથુભા હરભમજી જાડેજા રહે.વિથોણ તેની પાસેથી રોકડ રકમ રૂપિયા ૧,૧૫૦/– તથા રેડમી મોબાઇલ કિં.રૂ.૫,૦૦૦/– તથા મો.સા નંબર જી.જે.૧૨.ડી.પી.૯૯૭૭ કિં.રૂા.૨૦,૦૦૦/– મળી આવેલ તેમજ સદર ઈશમો જે જગ્યાએ જુગાર રમતા હતા. તે જગ્યાએ ધાણી પાસા તેમજ વેરણ – છેરણ હાલતમાં થોડા રુપીયા પડેલ હતા અને તે રુપિયા ગણી જોતા કુલ્લે રકમ રૂ.૩૬૦/–પુરા મળી આવેલ તથા ધાણી પાસા નંગ–૨ કિં.રૂ.૦૦/– તથા ત જગ્યા ઉપરથી બે મો.સા જેના નંબર જીજે ૧૨ બીડી ૬૯૮૭ વાળી જે પુછપરછ કરતા નાશી ગયેલ ઈશમ ગુલમામદ અભલા નોડેની હોવાનું જણાઈ આવેલ જેની કિ.રૂા.૨૦,૦૦૦/– તથા બીજી મો.સા નંબર જી.જે.૧૨. એ.એસ ૯૩૮૬ જૈ તપાસ કરતા રતો કારા પાયણની હોવાનું માલુમ પડેલ જેની કિં.રૂા.૨૦,૦૦૦/– એમ કુલ્લે રકમ રૂપિયા. ૧૧,૫૦૦/– તેમજ મોબાઇલ નંગ–૦૫ જેની કિ.રૂા.૨૫,૦૦૦/– તથા મો.સા નંગ ૦૭ જેની કિં.રૂા.૧,૩૦,૦૦૦/–એમ મળીને કુલ્લે કિં.રૂા.૧,૬૬,૫૦૦/– નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ તે અંગેનું વિગતવારનું પંચનામુ પંચો રુબરુ તેઓએ કલાક ૧૬:૪૫ થી ૧૭:૩૦ સુધીનુ કરી લીધેલ. તેઓને આંક ૨૯ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં તેઓની તથા પંચોની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે અંગે ધનજીભાઈએ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલી.જે ફરીયાદ નખત્રાણા પો.સ્ટે ગુના રજી.નંબર ૧૨૨૧/૨૦૨૨ થી નોંધાઈ ગયા બાદ આગળની તપાસ તેઓને સોપવામાં આવતા તેઓએ આ કામેં લાગતા વળગતા સાહેદોના નિવેદન લઈ તેમજ નાશી ગયેલા ઈશમોની અટક કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ નામ કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

આરોપીપક્ષ તરફેની ઉલટતપાસમાં તેઓ એ વાત નો સ્વીકાર કરે છે કે,ફરિયાદમાં પંચોના નામ સરનામાં લખેલા નથી. પંચોને બોલાવ્યા અંગેનું

પ્રાથમીક પંચનામું કરેલ નથી. કહેવાતો બનાવ જાહેર જગ્યા ઉપર બનેલ છે ત્યા માણસોની અવર–જવર રહે છે અને આજુબાજુમાં વાડી વિસ્તાર છે.

**(૧૧)** ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાનું અવલોકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે આંક–૨૯ થી પંચ સાહેદ સદામ મામદ રાયમા આંક–૩૧ થી આશા અભુ રબારીને તપાસેલા છે. તેઓ બંને પંચ સાહેદોએ તૈયાર કાગળમાં તેઓની સહી કરેલ હોવાનું જણાવેલ છે અને પંચનામામાં ફકત સહી કર્યાનું જણાવેલ છે.તેઓએ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ નથી અને તેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. આંક–૩૭ થી ફરીયાદી ધનજીભાઈ રામાભાઈ આયરને તપાસેલા છે. તેમની જુબાનીમા આરોપીઓ ધાણીપાસા વડે હાર–જીતનો જુગાર રમી રમાડી કુલ મુદામાલ કિં.રૂા.૧,૬૬,૫૦૦/–તથા મોબાઈલ નંગ– ૫ તથા મો.સા. નંગ–૭ તથા ધાણી પાસા નંગ–૨ સાથે પકડેલા હોવાનું જણાવેલ છે.ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવવાળુ સ્થળ જાહેર જગ્યા છે. આજુ બાજુ વાડી વિસ્તાર છે.આંક–૩૯ થી ત.ક.અ.મુકેશ નવીનચંદ્ર સાધુનાઓએ તેઓની તપાસને અનુરૂપ કામગીરી કરેલ છે. તેમજ ઉલટતપાસમાં પણ તેઓએ કબુલ કરેલ છે કે,બનાવવાળુ સ્થળ જાહેર જગ્યા છે છતાં સ્વતંત્ર સાહેદો ઉપલબ્ધ હોવા છતા ફરીયાદપક્ષે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધેલ નથી કે અન્ય સાહેદોને તપાસેલ નથી. ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ પંચ–સાહેદોએ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન કરેલ નથી.આમ,ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલ પોલીસ સાહેદોની જુબાનીને સ્વતંત્ર પંચસાહેદોની જુબાનીથી સર્મથન મળતુ નથી અને આંક–૩૦ થી રજુ પંચનામુ પુરવાર થઈ શકેલ નથી.

**(૧૨)** આમ સમગ્ર પુરાવો વંચાણે લેતા હાલના આરોપીઓ ધાણીપાસા વડે જુગાર રમતા હોય તેવી હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી મુદા :૧ નો નિર્ણય નકારમાં કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**CC.NO.1572-2024**

**–:: હુકમ ::–**

(૧) **ક્રિ.પ્રો.કોડ કલમ :૨૫૫(૧)** અન્વયે આ આ કામના આરોપી **(૨) મહેન્દ્ર કાયા બુચીયા,** ઉ.વ.૩૦, ધંધો: મજુરી રહે.વિથોણ, તા.નખત્રાણા–કચ્છ **(૪) નાનજી કાયા બુચીયા,**ઉ.વ.૨૫ ધંધો:મજુરી રહે.વિથોણ, તા.નખત્રાણા–કચ્છ.નાઓને જુગાર ધારાની કલમ–૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે. તથા મુદામાલ મો.સા ઓ તથા મોબાઈલ અંગે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.તથા ધાણીપાસાનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) **ક્રિ.પ્રો.કોડ કલમ – ૪૩૭(એ)** ની જોગવાઈ ધ્યાને લેતા આરોપીના જામીન તથા જામીનખત અપીલ સમય પુર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ ઠરાવ આજ તારીખ **૨૩ મી** માહે **માર્ચ** સને **૨૦૨૬**નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૨૩/૦૩/૨૦૨૬**
**નખત્રાણા–કચ્છ.**

**(રઘુવિરસિંહ અનીરૂદ્ધસિંહ ઝાલા)**
**અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**નખત્રાણા–કચ્છ.**
**(GJ00938)**